ભાષાનું લાલિત્ય, શૈલીની સુંદરતા મુક્ત ઝરણાની જેમ ભાવોનો અસ્ખલિત પ્રવાહ વહાવે છે. આ ગ્રંથ મુખ્યત્વે ધર્મકથાનુયોગ છે. તેમાંનાં વર્ણન જોતાં ચારે અનુયોગો ઘટી શકે છે. આ કથામાં ન્યાય, દર્શન, આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, ધાતુવિદ્યા, વ્યાપાર, યુદ્ધનીતિ આદિ વિવિધ વિષયોનું વર્ણન છે. આ કથાના આઠ પ્રસ્તાવ છે. પ્રથમ પ્રસ્તાવ વિષયની ભૂમિકા રૂપે છે. બીજા પ્રસ્તાવમાં કર્મ, જીવ અને સંસારની અવસ્થાઓનું રૂપક રૂપે વર્ણન છે. ત્રીજા પ્રસ્તાવમાં ક્રોધ, વિષયાસક્તિની પરિણતિ કથાના માધ્યમથી સમજાવી છે. ચોથા પ્રસ્તાવમાં પોતાના પ્રતિપાદ્ય વિષયનું વિસ્તારથી વર્ણન અને અનેક અવાન્તર કથાઓ છે. આઠમાંથી ચાર પ્રસ્તાવ મહત્ત્વના છે. તેમાંય ચોથો પ્રસ્તાવ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 'ઉપમિતિભવપ્રપંચ કથા' ગ્રંથ પૂર્ણ થયા પછી એનું વાચન ભિન્નમાલ નગરમાં કર્યું હતું. આ ગ્રંથની પ્રતિલિપિ 'ગણા' નામનાં સાધ્વીએ તૈયાર કરી હતી. તેઓ દુર્ગસ્વામીના આજ્ઞાવર્તિની હતાં. આ ગ્રંથ વિ. સં. ૯૬૨ માં જેઠ સુદ પાંચમને ગુરુવારે પૂર્ણ થયો હતો. ઉપશમભાવથી પરિપૂર્ણ આ કથાવાચન સાંભળી લોક પ્રસન્ન થયો અને જૈનસંઘે આચાર્ય સિદ્ધર્ષિસૂરિને 'સિદ્ધવ્યાખ્યાતા'ની પદવી અર્પી હતી. આ કથા વિ. સં. ૯૬૨માં રચાયેલી હોવાથી આચાર્ય સિદ્ધર્ષિનો સમય વિક્રમની દસમી સદી સિદ્ધ થાય છે.

---

## ન્યાયશૈલીની ટીકા રચનારાઓમાં અગ્રેસર, સમર્થ આગમ ટીકાકાર

# આચાર્યશ્રી શીલાંકસૂરિજી મહારાજ

ટીકાકાર આચાર્યોમાં શ્રી શીલાંકસૂરિનું નામ પ્રસિદ્ધ છે. તેમનાં બીજાં નામો શીલાંકાચાર્ય, શીલાચાર્ય, વિમલમતિ, તત્ત્વાદિત્ય વગેરે છે. સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાઓ પર તેમનું પ્રભુત્વ હતું. ન્યાયશૈલીની ટીકા રચનારાઓમાં તેઓ સૌથી પહેલા છે. આજે પ્રાપ્ત થતી આચારાંગસૂત્ર અને સૂત્રકૃતાંગસૂત્રની વિશાળ ટીકાઓ તેમની વિદ્વત્તાની પરિચાયક છે. આચાર્ય શીલાંકસૂરિની ગુરુપરંપરાનો સંબંધ નિવૃત્તિકુલ સાથે છે; નિવૃત્તિકુલ (ગચ્છ)ના આચાર્ય માનદેવસૂરિ તેમના ગુરુ છે. આચારાંગસૂત્રની ટીકામાં પોતાને 'નિવૃત્તિકુલીન' અને 'ચઉપન્નમહાપુરિસચરિયં'માં પોતાને માનદેવસૂરિના શિષ્ય બતાવ્યા છે. આ સિવાય તેમના ગૃહસ્થજીવનની વિગતો કે સાધુજીવનની વિગતો મળતી નથી.

શ્રી શીલાંકાચાર્યે આગમો પર ટીકાઓ રચવાનું યશસ્વી કાર્ય કર્યું છે. તેમણે 'ચઉવન્નમહાપુરિસચરિયં', આચારાંગ ટીકા, સૂત્રકૃતાંગ ટીકા, ભગવતીસૂત્રની ટીકા, જીવસમાસની વૃત્તિ વગેરે ગ્રંથોની રચના કરી છે. આ સર્વ ગ્રંથો ગાંભુ ગામે રચ્યા છે. પ્રભાવકચરિત્ર પ્રમાણે શ્રી શીલાંકાચાર્યે અગિયાર અંગશાસ્ત્રો—આગમો પર ટીકાઓ રચી હતી. પણ વર્તમાનમાં માત્ર આચારાંગસૂત્ર અને સૂત્રકૃતાંગસૂત્ર પરની ટીકાઓ જ મળે છે, જેનો પરિચય આ પ્રમાણે છે :

આચારાંગ ટીકા : બંને શ્રુતસ્કંધો પર રચેલી આ ટીકાનું ગ્રંથ પ્રમાણ ૧૨૩૦૦ શ્લોક છે. મૂળ અને નિર્યુક્તિના આધારે આગમના પ્રથમ શ્રુતસ્કંધનું મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકા–રચનાના સમય પૂર્વે વિચ્છેદ થયું હોઈ અનુપલબ્ધ હતું. એ વાત શ્રી શીલાંકાચાર્યે એક શ્લોકમાં લખી છે. પ્રથમ શ્રુતસ્કંધની ટીકાને અંતે ટીકાકારનું ગ્રંથસંશોધન માટે નમ્ર નિવેદન છે અને ટીકાસમાપ્તિની સૂચના પણ છે. ટીકા રચનાનો કાળ શાકે ૮૯૮ (વિ. સં. ૯૩૩) બતાવ્યો છે.

સૂત્રકૃતાંગ ટીકા : આ દાર્શનિક વિષયની મહત્ત્વપૂર્ણ કૃતિ છે. ટીકારચનાનો આધાર મૂળ આગમ અને તેની નિર્યુક્તિ છે. આ ટીકા ૧૩૩૨૫ ગ્રંથપ્રમાણ છે. આમાં દાર્શનિક દૃષ્ટિઓનું વિસ્તૃત વિવેચન છે. સ્વપક્ષની જેમ પરપક્ષની માન્યતાઓનું યુક્તિપૂર્વકનું પ્રામાણિક વિવેચન ટીકાકારના વિશાળ જ્ઞાનનું સૂચક છે. ટીકાની રચનાનું પુણ્ય ભવ્ય જનોના કલ્યાણનું નિમિત્ત બને એવો ટીકાકારનો સંકેત છે. આ ટીકાની રચના મહેસાણા-મોઢેરા વચ્ચેના ગાંભૂ ગામે થયાનો ઉલ્લેખ મળે છે. આ ટીકાની રચના પ્રાયઃ વિ. સં. ૯૦૭ માં થઈ છે. આ બંને ઉપલબ્ધ ટીકાઓમાં તેમને શ્રી વાહરિ ગણિ સહાયક બન્યા છે.

આચાર્યશ્રી શીલાંકસૂરિની ગ્રંથરચના પ્રમાણે તેઓ વિક્રમની નવમી અને દશમી શતાબ્દી વચ્ચે થયા હોવાનું મનાય છે.

## લબ્ધિસંપન્ન મહાન તપસ્વી, પરમ પ્રભાવી, કૃષ્ણર્ષિગચ્છ પ્રવર્તક

# શ્રી કૃષ્ણઋષિ (કૃષ્ણર્ષિ) મહારાજ

તેઓ કૃષ્ણ નામના વિપ્રદેવ હતા. તેમને મિત્રના મૃત્યુનો ઊંડો આઘાત લાગવાથી, તે તીવ્ર વૈરાગ્યભાવમાં પરિણમ્યો હતો. તેઓએ હારિલવંશના પ્રવર્તક યુગપ્રધાન આચાર્ય હારિલસૂરિ (હરિગુપ્તસૂરિ)ના શિષ્ય શ્રી દેવગુપ્તસૂરિના શિષ્ય શ્રી શિવચંદ્રગણિના શિષ્ય શ્રી યક્ષદત્તગણિ ક્ષમાશ્રમણના શિષ્ય શ્રી વટેશ્વર ક્ષમાશ્રમણના શિષ્ય શ્રી તત્ત્વાચાર્યના શિષ્ય શ્રી યક્ષમહત્તર પાસે દીક્ષા લઈ કૃષ્ણર્ષિ નામે વીતરાગમાર્ગ ગ્રહણ કર્યો હતો. મુનિશ્રી કૃષ્ણર્ષિ અનન્ય જિનભક્તિ, તીર્થભક્તિ અને તપ-સંયમની અપૂર્વ સાધનાથી અનેક રાજા-મહારાજાઓ અને જનગણમાં પરમ પ્રભાવક બન્યા હતા. અને વીરનિર્વાણ સં. ૧૦૫૫થી પ્રવર્તતો હારિલવંશ, જે સં. ૧૩૧૦ પછી શ્રી કૃષ્ણર્ષિના મહાન પ્રભાવે 'કૃષ્ણર્ષિગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો.

શ્રી કૃષ્ણઋષિ કઠોર સંયમી અને ઘોર તપસ્વી હતા. તેઓ સ્મશાનમાં અનેક પ્રકારના ઉપસર્ગોની વચ્ચે ધ્યાન–સાધનામાં મેરુની જેમ અડગ રહેતા. તેમણે માસખમણ, દ્વિમાસખમણ ત્રિમાસખમણ, અને ચૌમાસીખમણ પણ કર્યાં હતાં. કોઈ વર્ષ ૩૪ થી વધુ પારણાં કર્યાં ન હતાં. આવી ઉત્કૃષ્ટ તપસ્યાના પ્રભાવે તેઓ એવા તપમૂર્તિ બની ગયા હતા કે, તેમનું ભાવપૂર્વક સ્મરણ કરવાથી મનુષ્યના રોગ, શોક, દુઃખ-દર્દ, ઉપસર્ગ, ગ્રહપીડા, ભૂતાવેશ, શત્રુ, ચોર, મદાંધ રાજા તથા કુસ્વપ્નનું અનિષ્ટ વગેરે શાંત / ક્ષય થઈ જતાં હતાં. તેમનાં ચરણોદકથી સર્પ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org